www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૩૦ | ૨૯ ઓક્ટોબર, ૨૦૧૮, સોમવાર; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી મદનલાલ ખુરાનાનું નિધન

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી મદદ લાલ ખુરાનાનું શનિવારા રાત્રે તેમના નિવાસસ્થાને નિધન થઈ ગયું હતું. તેઓ છેલ્લા થોડા સમયથી બીમાર હતા. તેમની ઉંમર ૮૨ વર્ષ હતી. તેઓ છેલ્લા છોડા દિવસથી છાતિના ઈન્ફેક્શન અને તાવથી પીડાઈ રહ્યા હતા.

### ઈસરોના પૂર્વ ચેરમેન માધવન ભાજપમાં જોડાયા

પૂર્વ ત્રાવણકોર દેવસમ બોર્ડના અધ્યક્ષ અને કેપીસીસી એક્ઝિક્યુટીવ કમિટી ચેરમેન જી રમન નાયર ઉપરાંત પાંચ લોકોએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો છે. ભાજપના અધ્યક્ષ અમિત શાહે કેરળ મુલાકાત દરમિયાન પાંચ જાણીતા ચહેરાને ભાજપમાં આવકાર્યા હતા.

### દેશના વિદેશી હૂંડિયામણમાં ૯.૪૨ કરોડ ડોલરનો ઘટાડો


દેશના વિદેશી હૂંડિયામણમાં ૨૬ ઓક્ટોબરે સમાપ્ત થયેલા સપ્તાહમાં૯.૪૨ કરોડ ડોલર જેટલો ઘટાડો થયો છે. ૨૬ ઓક્ટોબરે સમાપ્ત થયેલા સપ્તાહમાં વિદેશી હૂંડિયામણ ૩૯૩.૫૨ અબજડોલર જેટલું હતું.

### પેટ્રોલમાં ૪૦ અને ડિઝલમાં 33 પૈસાનો ઘટાડો

પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઘટાડો યથાવત છે. સતત ૧૧માં દિવસે આમ જનતાને રાહત મળતાં રવિવારે પણ ૪૦ પૈસાનો ઘટાડો નોંધાયો છે. દિલ્હીમાં પેટ્રોલ ૪૦ પૈસા સસ્તું થયું છે.

# રામમંદિર મામલે આજથી સુનાવણી

## સંવેદનશીલ મામલા પર શરૂ થનારી સુનાવણી પર તમામની નજર : સદીઓ જુના વિવાદને લઇને સુનાવણી શરૂ થતાં તમામ સમુદાયના લોકોમાં રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદના મામલે ચર્ચા છેડાઈ



નવી દિલ્હી,તા. ૨૮

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેચમાં આવતીકાલે સોમવારથી સંવેદનશીલ અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ સુનાવણી ઉપર સમગ્ર દેશની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફની બનેલી બેંચ સમક્ષ આ મામલાની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. અયોધ્યા મામલાને બંધારણીય બેંચની પાસે મોકલવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધા બાદ હવે સુનાવણીને લઈને તમામની નજર આના ઉપર રહેલી છે. સુપ્રીમ કોર્ટે બંધારણીય બેંચને આ મામલાને નહીં સોંપવાના નિર્ણય બાદ આનો મતલબ એ થઈ રહ્યો છે કે, હવે આ જમીન કોની છે તેના ઉપર સુનાવણી થશે. આ પહેલા મામલામાં એક મર્યાદિત પ્રશ્નને બંધારણીય બેંચ પાસે મોકલવામાં આવે કે કેમ તેને લઈને ચુકાદો આવ્યો હતો. મુસ્લિમ પાર્ટીઓ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, ૧૯૮૪માં ઈસ્માઈલ ફારુકી કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના જજમેન્ટમાં કહ્યું હતુ કે, મસ્જિદમાં નમાઝ અદા કરવાની બાબત ઈસ્લામનો કોઈ

● અનુસંધાન પાન-૭ પર

# સબરીમાલામાં ૩૩૪૫ દેખાવકારોની ધરપકડ

## સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશને લઇ સુપ્રીમ કોર્ટના આદેશની શ્રદ્ધાળુઓમાં નારાજગીનું મોજુ અકબંધ

કોલ્લમ, તા. ૨૮

સબરીમાલા મંદિરમાં પ્રવેશને લઈને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યા બાદથી પોલીસને ભારે જહેમત ઉઠાવી પડી રહી છે. વ્યાપક વિરોધ પ્રદર્શનનો દોર અવિરતપણે જારી રહ્યો છે. કેરળ પોલીસને મુશ્કેલી હોવા છતાં શ્રદ્ધાળુઓ સાથે પણ હળવું વલણ અપનાવવાની ફરજ પડી રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સબરીમાલા મંદિરમાં પ્રવેશ કરવાથી મહિલાઓને રોકનાર ૩૩૪૫થી વધુ દેખાવકારોની ૨૬મી ઓક્ટોબર બાદથી ધરપકડ કરવામાં આવી છે. કેરળમાં જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ૫૧૭ કેસો નોંધાઈ ચુક્યા છે. આજે સવારે સબરીમાલામાં કેટલાક સભ્યોએ ધરપકડ વ્હોરી હતી. કાર્યકર રાહુલ ઈશ્વરની આજે ધરપકડ કરવામાં આવી હતી. આની સાથે જ કુલ ઝડપાયેલા લોકોની સંખ્યા ૩૩૪૬ સુધી પહોંચી ગઈ હતી. ગયા સપ્તાહમાં કોચીમાં પત્રકાર પરિષદ દરમિયાન આ મુદ્દે ઉશ્કેરણીજનક નિવેદન કરવા બદલ રાહુલ ઈશ્વરની ધરપકડ કરવામાં આવી છે. છેલ્લા ૧૨ કલાક દરમિયાન ૫૦૦થી પણ વધુની ધરપકડ કરવામાં આવી ચુકી છે. ભગવાન અયપ્પાના મંદિરની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખીને કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યાને ઘણા દિવસ થયા હોવા છતાં કોઈપણ મહિલા હજુ સુધી મંદિરમાં પ્રવેશ કરી શકી નથી. ૨૮મી સપ્ટેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યો હતો. ત્યારબાદથી શ્રદ્ધાળુઓમાં વ્યાપક નારાજગી જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટના આદેશને ફગાવી દેવા બદલ આ તમામની ધરપકડ કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રી મોદી મારા સૌથી વિશ્વાસપાત્ર મિત્ર : શિન્ઝો આબે

**મોદીએ શિન્ઝો આબેને ગુજરાતી શિલ્પકારે બનાવેલી વસ્તુઓ ભેટ આપી : જે દિવસે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન દોડશે તે દિવસે ભારત-જાપાનની મિત્રતાનો ચમકાવતો સંકેત હશે : આબે**



ટૉક્યો,તા.૨૮

બે દિવસની જાપાન મુલાકાતે પહોંચેલા વડાપ્રધાન મોદી રવિવારે યામાંશી પ્રાંતમાં પોતાના સમકક્ષ શિંજે આબેને મળ્યાં. હોટલ માઉન્ટ ફુજીમાં મુલાકાત દરમિયાન મોદીએ આબેને બે હસ્તનિર્મિત પથ્થરની વાટકી ગિફટમાં આપી. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરના વણકરો દ્વારા બનાવવામાં આવેલી શેતરંજી પણ આપી. જે બાદ બંનેએ ફેક્ટરી ઓટોમેશન બનાવનારી ફાનુક કોર્પોરેશનની મુલાકાત કરી.

આબે એ કહ્યું કે ભારત એક વૈશ્વિક શક્તિના રૂપમાં અને દુનિયાની સમૃદ્ધિના રસ્તે ચાલી રહ્યો છે. આબે એ કહ્યું કે તેઓ સ્વતંત્ર અને ઓપન હિન્દ-પ્રશાંત ક્ષેત્ર માટે ભારતની સાથે દ્વિપક્ષીય

● અનુસંધાન પાન-૭ પર



STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत.

ગાંધીનગર એકતા યાત્રાને ઉમળકાથી આવકારે છે....

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ
સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ પૂર્વે આરંભાયેલ
''એકતા યાત્રા''નું
ગાંધીનગર આદરપૂર્વક સ્વાગત કરે છે...

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.
ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી
અર્બન કો.ઓ. બેન્ક, ગાંધીનગર
સચિવાલય કો.ઓ. ક્રેડિટ સોસાયટી
વસુધા કો.ઓ. ક્રેડિટ સોસાયટી
ગાંધીનગર બાર એસોસીએશન
ઈન્ડીયન મેડીકલ એસોસીએશન
ગાંધીનગર કેમીસ્ટ એસોસીસએશન
વેપારી મંડળ, સે.૨૨, ૨૩, ૭
ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર મર્ચન્ટ એસોસીએશન-સે.૨૧
ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ગેઝીયા)
ગાંધીનગર એન્જિનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, સે.૨૮
ગાંધીનગર બિલ્ડર્સ એસોસીએશન

ગાંધીનગર જિલ્લા સમસ્ત પાટીદાર સમાજ
કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર
ગાંધીનગર જિલ્લા લેઉઆ પાટીદાર સમાજ
સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર
ગાંધીનગર રાજપૂત સમાજ
ગાંધીનગર વૈષ્ણવ સમાજ
સૌરાષ્ટ્ર પટેલ લેઉઆ પાટીદાર સમાજ, ગાંધીનગર
સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર
સંત રોહિદાસ સેવા સમાજ, ગાંધીનગર
ગાંધીનગર વણકર સમાજ
ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
ગાંધીનગર દિગંબર જૈન સંઘ
ગાંધીનગર રબારી સમાજ
કચ્છ-કાઠીયાવાડ રાજપૂત સમાજ

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ
ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
રાજધાની વસાહત મંડળ
સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
જાગૃત નાગરિક પરિષદ
જુનીયર સિટીઝન્સ કાઉન્સીલ
જ્યોતિ મહિલા મંડળ
ગાંધીનગર લાયન્સ ક્લબ
ગાંધીનગર લાયોનેસ ક્લબ
ગાંધીનગર રોટરી ક્લબ
રોટરી ક્લબ ઓફ કેપીટલ
ગાંધીનગર જુનિયર ચેમ્બર્સ
હેત હાઉન્ડેશન, ગાંધીનગર

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
ગાંધીનગર સાહિત્ય સભા
સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ
શિવરંજની ● કલાગુર્જરી
સંસ્કૃતિ ● થનગનાટ ● જી ઈ ક્લબ
પનઘટ કલા કેન્દ્ર
અવસર કલા મંદિર
રાગા ગૃપ ઓફ કલ્ચરલ
વેણુ ભારતી ● રમઝટ ગૃપ
ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપ
જાયન્ટ્સ ગૃપ, ગાંધીનગર
દલિત સાહિત્ય સભા, ગાંધીનગર
ગુંજ ફાઉન્ડેશન ● હેપ્પી યુથ ક્લબ
આપણુ ફાઉન્ડેશન ● હેપ્પી ટુ હેલ્પ

તથા ગાંધીનગરની તમામ સમાજીક, સાંસ્કૃતિક, વાણિજ્યીક અને કલા સંસ્થાઓ